# શેઠ સી. એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ
## પ્રિલીમિનરી પરીક્ષા - 2014

તારીખ : 31-1-2014 | **ધોરણ - 12** | સમય : 3 કલાક

શુક્રવાર | **વાણિજ્ય વ્યવસ્થા** | કુલગુણ : 100

વિભાગ - A

પ્રશ્ન : 1 થી 10 બહુવિકલ્પ પ્રકારનાં પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (દરેકનો 1 ગુણ) (10)

1. આધુનિક યુગમાં સંચાલન એટલે
   (a) વ્યવસાય (b) સામૂહિક પ્રવૃત્તિ (c) કળા (d) વિજ્ઞાન
2. વિવિધ વિભાગોના અંદાજપત્રને આવરી લેતા અંદાજપત્રને...
   (a) વિભાગીય અંદાજપત્ર કહે છે (b) મુખ્ય અંદાજપત્ર કહે છે
   (c) વિવિધ અંદાજપત્ર કહે છે (d) નાણાંકીય અંદાજપત્ર કહે છે
3. ચાના બગીચા, કેટરીંગ અને બાંધકામના કાર્યક્ષેત્રમાં વધુ અનુકૂળતા મુજબની કર્મચારીઓની ભરતી
   (a) રોજગાર કચેરી ધ્વારા થાય છે (b) જાહેરાત ધ્વારા થાય છે
   (c) લેબર-કોન્ટ્રાકટરો ધ્વારા થાય છે (d) પ્રતીક્ષાયાદી ધ્વારા થાય છે
4. સારા નેતા પોતાના નેતૃત્વના ગુણોથી પોતના કર્મચારીએને
   (a) શિક્ષા કરી શકે (b) સત્તા આપી શકે (c) નોકરી આપી શકે (d) દોરવણી આપી શકે
5. માર્કેટિંગમાં વિનિમય કરવાનો મુખ્ય હેતુ બંને બાજુ
   (a) ધંધો કરવાનો છે (b) માંગ વધારવાનો છે (c) નફો કરવાનો છે (d) ઈચ્છા પૂર્તિ કરવાનો છે
6. કામદાર સંઘોને માન્યતા આપવી તે ધંધાર્થી માટે કયા પ્રકારની જવાબદારી ગણવામાં આવે છે ?
   (a) સામાજિક જવાબદારી (b) કાનૂની જવાબદારી
   (c) રાજકીય જવાબદારી (d) આર્થિક જવાબદારી
7. હેનરી ફેયોલના મત પ્રમાણે મેનેજર પાસે ટેકનિકલ જ્ઞાન ઉપરાંત
   (a) કાયદાનું જ્ઞાન જરૂરી છે (b) સામિજક જ્ઞાન જરૂરી છે
   (c) વહીવટી જ્ઞાન જરૂરી છે (d) ધંધાકીય જ્ઞાન જરૂરી છે
8. અવૈધિક વ્યવસ્થાતંત્રની રચના કેવી રીતે થાય છે ?
   (a) કાયદાથી (b) સ્વયંભૂ (c) નિયમોથી (d) માન્યતા મુજબ
9. કામદારને દંડ ભરવો પડે તેવા ઉત્તેજનને
   (a) નિષેધાત્મક પ્રોત્સાહન કહેવામાં આવે (b) વિધેયાત્મક પ્રોત્સાહન કહેવામાં આવે
   (c) નાણાંકીય પ્રોત્સાહન કહેવામાં આવે (d) બિનનાણાંકીય પ્રોત્સાહન કહેવામાં આવે
10. મૌખિક માહિતીસંસારની સફળતાની પૂર્વશરત
    (a) ઉચ્ચાર (b) બોલવાની છટા (c) વિશ્વસનીયતા (d) ભાષા

## વિભાગ - B

**પ્રશ્ન - 11 થી 20 અતિટૂંક જવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 1 થી 10 શબ્દોની મર્યાદામાં આપો. (દરેકનો 1 ગુણ) (10)**

11. સંચાલનના જુદા-જુદા વિસ્તારો ક્યારે ઉદ્ભવે છે ?
12. શ્રી ઓલિવર શેલ્ડમના મતે સંચાલન અને વહીવટ અંગનો ખ્યાલ જણાવો.
13. રૈખિક વ્યવસ્થાતંત્ર ને બીજા કયા નામથી ઓળખી શકાય છે ?
14. વિકેન્દ્રીકરણની વ્યાખ્યા આપો.
15. વૈજ્ઞાનિક ભરતી શક્ય બનાવવાનો કાર્યક્રમ જણાવો.
16. નિયોજકોની પોતાના કર્મચારીઓ પ્રત્યે કઈ ઈચ્છા પ્રબળ હોય છે ?
17. નિરીક્ષકનું કાર્યક્ષેત્ર મહદંશે સંસ્થાના કયા કાર્યભાર સાથે સંકળાયેલ છે ?
18. માહિતી વિનાના સંચાલનની સરખામણી કોની સાથે થાય છે ?
19. બજાર સંચાલનની ક્ષિતિજો વિસ્તરતી જ જાય તે વખતના કોઈ પણ બે નવા ખ્યાલો જણાવો.
20. માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાનો સ્વીકાર કઈ સાલમાં થયો અને તે કેવા સ્વરૂપે સ્વીકારવામાં આવ્યો.

## વિભાગ - C

**પ્રશ્ન 21 થી 35 ટૂંકજવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 30 શબ્દોની મર્યાદામાં આપો. (દરેકના 2 ગુણ) (30)**

21. ધંધાની સામાજિક જવાબદારી ના ચાર સ્તર ની જાણકારી આપો.

અથવા

વાજબી કિંમત એટલે શું ? વાજબી કિંમત ધંધાની કેવા પ્રકારની જવાબદારી ગણાય.

22. **વિસ્તૃતરૂપ આપો.** : C.G.S.I. અને IGNOU

અથવા

**ટૂંકનોંધ** : જાહેર હિતની અરજી

23. અભિપ્રેરણનું મહત્વ સમજાવતા કોઈ પણ છ મુદ્દા આપો.

અથવા

દોરવણીના લક્ષણો જણાવો.

24. વિધાન સમજાવો - "સંચાલન એક વિજ્ઞાન અને કળા"
25. નિમ્ન સપાટી ના કાર્યક્ષેત્રમાં આવતી કોઈ પણ ચાર બાબતો જણાવો.
26. હેનરી ફેયોલે ઔદ્યોગિક સાહસોની વહીવટી પ્રવૃત્તિઓનું કયા વિભાગોમાં વિભાજન કરેલ છે ?
27. અંદાજપત્ર ના છ ઉપયોગો જણાવો.
28. સત્તા સોંપણી અને વિકેન્દ્રીકરણ વચ્ચેના બે તફાવતના મુદ્દા આપો.
29. તાલીમની વ્યાખ્યા આપો અને આવશ્યકતા કેમ છે. તેનો ઉલ્લેખ કરો.
30. કાર્યવેતન પ્રથા કયા સંજોગોમાં અસરકારક ગણાય.
31. અનૌપચારિક અને સમસપાટી માહિતી સંચાર દર્શાવતી આકૃતિ દોરો.
32. અંકુશનો અર્થ આપો.
33. ઔદ્યોગિક એકમોમાં કઈ સગવડ આપીને અકસ્માત નિવારણ કરવામાં આવે છે ?
34. દેશમાં કૃષિક્ષેત્રનું પ્રભુત્વ છે, એમ કયારે કહેવાય ?

35. વિસ્તૃત રૂપ આપો.

W.T.O. અને FERA

## વિભાગ - D

**પ્રશ્ન - 36 થી 45 ટૂંકજવાબી પ્રશ્નો છે.તેનો જવાબ 50 શબ્દોની મર્યાદામાં આપો. (દરેકના 3 ગુણ છે.)** **(30)**

36. માહિતીપ્રેષણની પ્રક્રિયા ના તબક્કા જણાવો.

અથવા

સંકલનની સફળતા માટેના કોઈ પણ ત્રણ ઉપચાર આપો.

37. નાણાંકીય પ્રોત્સાહનોમાંથી કોઈ પણ છ નાણાંકીય પ્રોત્સાહનોની ટૂંકી સમય આપો.

અથવા

સમય વેતન પ્રથાના કોઈ પણ છ લાભ જણાવો.

38. સંજ્ઞા સમજાવો.

ઉદારીકરણ, ખાનગીકરણ , વૈશ્વકીકરણ

અથવા

ઈ.સ. 1991 પછીના આર્થિક પર્યાવરણ ની છ નકારાત્મક અસરોની યાદી આપો.

39. ફેડરિક ટેલરના વૈજ્ઞાનિક સિધ્ધાંન્તો ના ફાયદા અને ટીકાઓ જણાવો.

40. સત્તાસોંપણીનું મહત્વ જણાવતા મુદ્દાઓની ચર્ચા કરો.

41. કર્મચારી-વ્યવસ્થાઆના વિભાગને બીજા કયા નામથી ઓળખાય છે. અને તે વિભાગના આયોજન સાથે સંબંધિત તબક્કા જણાવો.

42. અભિપ્રેરણ અનુસાર જરૂરિયાતોનો અગ્રતાક્રમ વિગતે સમજાવો.

43. ઔપચારિક અને અનઔપચારિક માહિતી સંચારના કોઈપણ ત્રણ તફાવતના મુદ્દા આપો.

44. અંકુશ કાર્યના કોઈપણ છ લક્ષણો ની સમજૂતી આપો.

45. ધંધાની માલિકો કે રોકાણકારો પ્રત્યેની સામાજિક જવાબદારીની વિગતે ચર્ચા કરો.

## વિભાગ - E

**પ્રશ્ન : 46 થી 49 વિસ્તૃત જવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 100 શબ્દોની મર્યાદામાં આપો. (દરેકના 5 ગુણ)** **(20)**

46. આયોજનની મર્યાદાઓ ટૂંકમાં સમજાવો.

47. કામદારોની તાલીમના પ્રકારોની જાણકારી આપો.

48. કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રની વ્યાખ્યા આપી તેના લાભ જણાવો.

અથવા

અવૈધિક વ્યવસ્થાતંત્રના લાભ અને ગેરલાભની યાદી આપો.

49. ગ્રાહકની જવાબદારીઓની વિગતવાર સમજ આપો.

અથવા

સરકાર ધ્વારા ગ્રાહક સુરક્ષા માટે જાહેરાતની પધ્ધતિઓ જણાવો અને વિકસતા બાળકોને જરૂરી ગ્રાહક સુરક્ષા શિક્ષણ આપતી સંસ્થાઓ જણાવો.